MGVCL
An ISO 9001:2008 Certified Company

**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**
**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**
**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. IV-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી જીવાભાઇ મનોરભાઇ ગોહેલ,
ઠે.મનોરપુરા, મુ.પો.મલીયાતજ, તા.માતર,જી.ખેડા.

રજુઆત કરનાર: અરજદાર: શ્રી જંયતીભાઇ જીવાભાઇ ગોહેલ
શ્રી રમેશભાઇ જીવાભાઇ ગોહેલ(બન્ને જીવાભાઇના પુત્રો)

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
વસો પેટા વિભાગીય કચેરી, જી.નડીયાદ.

રજુઆત કરનાર: શ્રી જી.એસ.દેસાઇ, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, વસો પેટા વિભાગીય કચેરી

ફરિયાદીની તા ૩૧.૧.૨૦૧૫ ની ટ્રાન્સફોર્મર સેન્ટર ખસેડવાની અરજ.

ફરિયાદીની ફરીયાદ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ તા.૨૦/૩/૧૫ ના રોજ સાંભળવામાં આવી જેમા ફરિયાદી વતી શ્રી જંયતીભાઇ જીવાભાઇ ગોહેલ અને શ્રી રમેશભાઇ જીવાભાઇ ગોહેલ તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી જી.એસ.દેસાઇ, નાયબ ઇજનેર, વસો પેટા વિભાગીય કચેરી ના હાજર રહયા બન્ને પક્ષકારોની ટુંકમાં વિગત એવી છે કેઃ

(૧) ફરિયાદીના ઘરની નજીક આવેલ કુવા પાસેની ડી.પી. ખસેડવા માટે સામાવાળાની ઓફીસે અરજી કરેલ. સામાવાળાએ ડી.પી ખસેડવા રૂા.૯,૫૨૮/- નો એસ્ટીમેટ આપવામાં આવેલ તે સમયે ફરીયાદી પાસે નાણાની સગવડ ન હોવાથી નાણા ભરપાઇ કરી શકેલ નહીં. ત્યારબાદ ફરીયાદીએ નાણાની સગવડ કરી ફરીથી તા.૧૯/૯/૧૪ ના રોજ અરજ કરેલ. સામાવાળાએ રૂા.૧૦,૬૫૦/- નું એસ્ટીમેટ આપેલ જે ફરીયાદીએ તા.૧૯/૧૧/૧૪ ના રોજ આ રકમ સામાવાળાને ત્યાં ભરી દીધેલ.

(૨) સામાવાળાએ નાણા ભરવા છતા ડી.પી. ખસેડેલ નહીં. ફરીયાદીએ સામાવાળાની ઓફીસે રૂબરુ જવા છતાં નાયબ ઇજનેર ઘેમરભાઇ દેસાઇ તથા જે.એસ.ભગવતી આસીસ્ટન્ટ ટેકનીશીયન નાએ સંતોષકારક જવાબ આપેલ નહીં. ફરીયાદીએ ભલામણ કરતા જણાવેલ કે "તમો જાતે ખાડા કરી થાંભલા ઉભા કરી દેશો., જેથી તમારુ ડી.પી ખસેડવાની કાર્યવાહી કરીશું." જેથી ફરીયાદીએ રોડની ધારમાં કોઇ ખેતર માલીકને ઝઘડો ના થાય તેવી રીતે ખાડા કરી થાંભલા ઉભા કરી દીધેલ છે. તેમ છતાં સામાવાળાએ ડીપી ખસેડવા કોઇ કાર્યવાહી કરેલ નહીં. જેથી તાત્કાલિક ધોરણે ડી.પી ખસેડવા ફરીયાદીએ હાલની અરજ ફોરમ સમક્ષ કરેલ છે.

ફરિયાદી તરફે તેઓના પુત્રો નામે શ્રી જંયતીભાઇ અને રમેશભાઇ હાજર રહી જણાવ્યું કે,પડોશી ખેતરો સાથે ઝઘડો ના થાય તે રીતે તેઓએ જાતે ખેતરની રોડ સાઇડ ઉપર ખાડા ખોદી થાંભલા ઉભા કરી દીધેલ છે. તેમ છતાં સામાવાળા ડી.પી. ખસેડતા નથી. ડી.પી.માંથી તણખા ઝરે છે. ફરીયાદી અને તેમના કુંટુંબીજનોના જાનનું જોખમ રહેલ છે.

સામાવાળા તરફે શ્રી જી.એસ.દેસાઇ, નાયબ ઇજનેર, વસો પેટા વિભાગીય કચેરી નાએ હાજર રહી રજુઆત કરેલ છે કે, શ્રી જીવાભાઇ મનોરભાઇ ગોહેલનું ૧૫ એચ.પી,૩ ફેઝનું ખેતી વિષયક વીજજોડાણ તા.૨૩/૧૦/૨૦૦૧ ના રોજ તત્કાલ સ્કીમમાં આપવામાં આવેલ છે જેનો ગ્રાહક નં.૦૬૦૦૭/૦૦૩૪૮/૫ છે. જે તે વખતે ડી.પી.નું સ્થળ ગ્રાહકની સંમતી મુજબ આપવામાં આવેલ. હાલમાં ફરીયાદી જે સ્થળે ડી.પી. ખેસડવા બતાવે છે તે બીજા ની માલીકીની જગ્યામાં છે અને તે માલીક ડીપી નાંખવા બાબતે વાંધા લીધેલ છે. વધુમાં સામવાળા એ જણાવેલ છે કે, ફરીયાદીએ બતાવેલ સ્થળ સલામતી અને લાઇન જોતા ટેકનીકલી યોગ્ય નથી. બતાવેલ સ્થળ થી ખેતીવાડી/જયોતીગ્રામ એચટી લાઇન ક્રોસ થાય છે તેથી સલામતી ના કારણોસર પણ યોગ્ય નથી. સામાવાળાએ પોતાની રજુઆતના સમર્થનમાં પ્રકાશભાઇ એ.પટેલ ના તા.૧૯/૨/૧૫ તથા ૨૫/૨/૧૫ ના પત્રો રજુ કરેલ છે. ફરીયાદી જે જગ્યાએ ડી.પી. ખસેડવા માંગે છે તે ખેતર બીજાની માલિકી નું છે જેમનું નામ પ્રકાશભાઇ એ.પટેલ છે. તેઓએ તેમના ખેતરમાં ડી.પી. નાંખવા બાબતે વાંધો લીધેલ છે અને જણાવેલ છે કે,તેઓના ખેતરમાં સામાવાળાના કુલ ૧૧ નંગ થાંભલા નાખવામાં આવેલ છે હવે વધુ બે થાંભલામાં આવે તો મને ખેતી કરવામાં તકલીફ થાય. આમ જમીન માલીકનો વાંધો હોઇ ડી.પી. ખસેડી શકાયેલ નથી.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહયા બન્ને પક્ષકારોની રજુઆત સાંભળી તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લીધા. ફરીયાદીએ ડી.પી. ખસેડવા માટે સામાવાળાની એસ્ટીમેટ મુજબની રકમ સામાવાળાને ત્યાં જમા કરાવી દીધેલ છે તથા તેઓએ જાતે ખાડા ખોદી થાંભલા પણ નાંખી દીધેલ છે તેમ છતા ડી.પી. ખસેડાઇ નથી. સામવાળા ડી.પી. ખસેડવા ગયા ત્યારે તે જમીનના માલીક શ્રી પ્રકાશભાઇ એ.પટેલ નાએ તેઓના ખેતરમાં ડી.પી. ખસેડવા બાબતે વાંધો લીધેલ છે તેથી ડી.પી. ખસેડાઇ શકાયેલ નથી.

તદઉપરાંત સલામતી અને ટેકનિકલ મુદા્ (એચ.વી.ડી.એસ. સ્કીમ ) મુજબ અલગ હેતુ તથા વિદ્યુત દબાણ ધરાવતી વીજરેષાઓનું ક્રોસીંગ બને તેટલુ અટકાવવું જેથી અકસ્માત અને વીજચોરી ચોરી અટકાવી શકાય. તદ્અનુસાર અમેજીવીસીએલનો નિર્ણય ફોરમને યોગ્ય જણાય છે. ફરીયાદીના જણાવ્યા મુજબ હાલના સ્થળની ડી.પી.માં લીકેજ કરંટ અથવા/અને તણખા થતા હોય તો વિજ સ્થાપનની અર્થિંગ કરી તાત્કાલિક અને ત્યારબાદ સમયાંતરે સમારકામ હાથ પર લઇ પ્રશ્નનો ઉકેલ લાવવો તેમ ઠરાવી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરિયાદી શ્રી જીવાભાઇ મનોરભાઇ ગોહેલ , ઠે.મનોરપુરા, મુ.પો.મલીયાતજ, તા.માતર,જી.ખેડાનાને હુકમ કરવામાં આવે છે કે એમજીવીસીએલ નાએ ડી.પી. ના સ્થળ ફેરફાર ન કરવાનો કરેલ નિર્ણય બરાબર છે. સામાવાળા એમજીવીસીએલ નાને હુકમ કરવામાં આવે છે કે ફરીયાદીએ એસ્ટીમેંટના ભરેલ રૂા.૧૦,૬૫૦/ફરીયાદીને પરત ચુકવી આપવા.

| | | |
|---|---|---|
| (એ. જી. શાહ) | (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
| ટેકનિકલ મેમ્બર | ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજૂઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

MGVCL
An ISO 9001:2008 Certified Company

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.